# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ખૂન કરે, કચડી નાખે, મત્તા લૂટી જાય છે,
છતાં ય પહોંચેલ ગુન્હેગારો છૂટી જાય છે,
ફૂટી જાય છે સાક્ષીઓ અને ફરિયાદીઓ પણ -
કાયદા અને ન્યાયની આમન્યા તૂટી જાય છે.

## હાઈકુ

ભાન થ્યું સૌને -
બધાં પાપોનું મૂળ -
છે મોબાઇલ..
(કર્ણાટક વિધાનસભા)

રાની પ્રાણીનાં -
માનવ સ્વભાવમાં,
મૂળ છે ઉંડા..
(શ્રી ગુણવંત શાહ)

## ચિંતન

**અવશ્યં ભાવિ ભાવાનાં પ્રતીકારો ભવેદ્યદિ । તદા દુઃખૈર્ન લિપ્યેરન નલરામયુદ્ધિષ્ઠિરાઃ ॥**

'જે ભાવિમાં-ભાગ્યમાં થવાનું જ છે, એવી અનિવાર્ય ઘટનાઓનો જો પ્રતિકાર થઇ શકતો હોય અર્થાત જો એને ટાળી શકાતી હોય તો - રાજા નળ, રામ અને યુધિષ્ઠિર-દુખી જ ન થયા હોય.'

ભાગ્ય-કર્મ-વિધિના લેખ કહેવાય છે ષષ્ઠી દેવી બાળકના જન્મના દિવસ છઠ્ઠે-દિવસે બાળકનું ભવિષ્ય લખી જાય છે. મૃત્યુ પછીની દુનિયાના પુસ્તકોમાં એમ કહેવાયું છે કે મૃત્યુ વખતે અંગૂઠા જેટલો દિવ્ય સ્વરૂપ આત્મા શરીર છોડી જાય છે ત્યારે એક 'પેનડ્રાઇવ' ની જેમ આપણા જીવનનાં બધા સારાં માઠાં કર્મો, સ્વભાવ-ટેવો-વગેરેનો ઇતિહાસ પણ એની સાથે જ જાય છે. અને વિધાતા-બ્રહ્મા એ વાંચી એ કર્મો પ્રમાણે આપણો જન્મ નક્કી કરી આપે છે જેથી સારાં-માઠાં કર્મો એ ઘરમાં ભોગવી શકાય - ભગવાન વિષ્ણુને નારદે સાપ આપ્યો ને માનવ અવતાર - 'રામ' તરીકે જન્મવું પડ્યું. નળરાજાના શરીરમાં 'કળિ' નો પ્રવેશ થયો રાહુની-શનીની પનોતી ભોગવવી પડી. યુધિષ્ઠિર ધર્મરાજ હતા છતાં વનવાસ ભોગવ્યો પડ્યો.

આમ વિધિના લેખ અમીટ છે ભગવાનને પણ ભોગવવા જ પડે - તો આપણે તો કોણ?!

## સુવિચાર

- હજારોં એબ દેખતે હૈ હમ દુસરોં કે પહલે અપને કીરદાર મેં હમલોગ ફરીશ્તેં હો જૈસે **- ચિત્રલેખા**
- 'સીમ્પથી' એટલે બીજાની કમનસીબી માટે ઉપજતી દયા.. અને 'એમ્પથી' એટલે એ પરિસ્થિતિમાં પોતાની જાતને મૂકી જોઇને અનુભવાતી પીડા **- જનકલ્યાણ**
- માણસ પોતાના પરિવારજનો, મિત્રો, સગાસંબંધીઓ સાથેનાં સ્નેહપૂર્ણ સંબંધના ભોગે નામના મેળવે છે.. અને જયારે નામ મળે ત્યારે સમજાય છે કે આ તો ગાંડપણ કર્યુ છે... અને તે મનમાં પસ્તાય છે **- મોરારિ બાપુ**
- જીવનમાં કડવી, મીઠી ઘટનાઓ સતત બનતી જ રહે છે.. કડવી ઘટનાને ભૂલી જઇએ મીઠી ઘટનાઓને વાગોળીએ તો વિપરીત પરિસ્થિતિમાં પણ જીવન જીવવા જેવું લાગશે **- જીવનસૂત્ર**
- શુદ્ધ વિચારો કામધેનું જેવા છે કારણ કે સંપત્તિને દોહે છે વિપતિને રોકે છે.. મલિનતાને ધોઇને સંસ્કારરૂપ પવિત્રતા દ્વારા બીજાને પણ પાવન કરે છે **- કેન ઉપનિષદ**
- શિક્ષક કરતાં પિતા સો ગણા અને પિતા કરતાં માતા હજાર ગણી ગૌરવથી અધિક છે.. માતા સર્વાધિક સન્માનિત અને શિક્ષાદાત્રી છે **- મનુસ્મૃતિ**
- જેમ નદીનો ધસમસતો પ્રવાહ વૃક્ષને પોતાની સાથે લઇ જાય છે તેમ... આવી પહોંચેલો કાળ 'આજે કરીશ, આવતીકાલે કરીશ..' એવું બોલનારા ને લઇ જાય છે **- ભૂપત વડોદરિયા**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આધ્યાત્મિકના પંજામાં આજકાલ દંભ-દેખાડા બહુ પ્રમાણમાં વધી ગયા છે સંત દેખાવા લાંબાવાળ-દાઢી મૂછ-ઓછાં કપડાં - ટીલાં ટપકાં - માળાઓનો ખડકલો-દસ બાર ગ્રહોની બધી આંગળીએ વીટીઓ-વગેરે આ દેખાડો છે.

સાચા સંતને બાહ્ય શરીર પર કોઇ ચિન્હો હોતાં નથી એમનું હૃદય નિર્મળ-સ્વભાવ નિખાલસ અને વાણીમાં વિવેક હોય છે.

એક ગુરૂને બે શિષ્યો હતા. એમનો શિક્ષણ કાળ પૂર્ણ થયો. પછી દેશાટન માટે જવાના હતા. એની આગલી રાત્રે શિષ્યોએ પુછ્યું ગુરૂજી અમને કંઇક બોધ આપો.. ગુરૂએ એક જ શબ્દ કહ્યો 'સજાવો.'

સવારે વિદાય લેવા આવ્યા ત્યારે એક શિષ્યએ ભગવાં વસ્ત્રો-ટીલાં ટપકાં-જટા-હાથમાં ત્રિશૂળ વગેરે લઇ લગભગ 'મહાદેવ' જેવો સજીધજી આવ્યો હતો.

જયારે બીજો શિષ્ય નાની પોતળી અને એક રૂદ્રાક્ષની માળા પહેરી હાજર થયો.

ગુરૂજી પુછ્યું - 'સજાવો'ની શિખામણમાં તું શું સમજ્યો? પહેલાં એ કહ્યું તમારો દેખાવ મોટા સંત જેવો થાય એમ તમારી જાતને 'સજાવો'

બીજાએ કહ્યું તમારા આંતરિક વિચાર-હૃદયને 'સજાવો..'

ગુરૂજીએ બીજા શિષ્યને આશીર્વાદ આપતાં કહ્યું 'સજાવો'ના સાચો અર્થ તું સમજ્યો છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# દરેક પરિવારે શ્રેષ્ઠ સંતાનનું આવાહન કરવું અને રાષ્ટ્રને પુનઃરત્નોની ભેટ આપવી

## ચાલો, તેજસ્વિતાનું અવતરણ કરીએ!

— હર્ષદ પ્ર. શાહ

ભારત તેજકિરણોની ભૂમિ છે. ઋષિઓએ અહીં જ્ઞાનની ઉપાસના કરી છે. ભારતનું જ્ઞાન સમગ્ર જગતમાં પ્રસર્યું છે. અન્ય દેશોના અનેક સત્પુરુષોએ ભારતનું ઋણ સ્વીકાર્યું છે. ભારતના મહાન પૂર્વજોએ... જ્ઞાની પુરુષોએ કોઈ પણ ક્ષેત્રને વણસ્પર્શ્યું રાખ્યું નથી. અહીંના જ્ઞાનીઓએ જીવનને સમગ્રતાથી જોયું છે, ખંડખંડમાં નહીં. અખિલાઈથી જીવવાવાળો આ દેશ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ — ચાર પુરુષાર્થો વર્ણવતા આ શબ્દો ઠાલા નથી, અર્થસભર છે.

કામને અહીં વાસનાની દૃષ્ટિએ જોવામાં નથી આવ્યો, ઉપાસનાની દૃષ્ટિએ જોવામાં આવ્યો છે. વર્તમાન યુગનાં અનિષ્ટોની ભરમાર વચ્ચે પણ અહીં આજેય 'ઈષ્ટ'ની આરાધના ચાલુ છે.

એ વાત સાચી છે કે ભારત જેવું મહાન રાષ્ટ્ર અત્યારે અનેક વ્યાધિઓથી પિડાઈ રહ્યું છે. સત્ત્વ ઉપર તમસ કબજો જમાવીને બેઠું છે. પણ ઉપર દેખાતી રાખની નીચે હજુ અંગારો પ્રજ્વલિત છે. જરૂર છે માત્ર રાખને ફૂંક મારીને ઉડાડવાની.

આ રાખ ઉડાડવી એટલે ભારતના પ્રાચીન ગર્ભવિજ્ઞાનને સજીવન કરવું. ગર્ભવિજ્ઞાનના શાસ્ત્ર અને સંશોધનનું મહત્ત્વ ભારત કરતાં ફ્રાંસ, જર્મની જેવાં રાષ્ટ્રો વધુ સમજ્યાં હોય એમ લાગે છે. તેઓ 'અભિમન્યુ પ્રકલ્પ' ચલાવે છે... અને શ્રેષ્ઠ સંતતિને જન્માવવાની મથામણ કરે છે. આપણે આપણાં બાળકોને ધ્રુવ, પ્રહ્લાદ, નચિકેતા અને અભિમન્યુની વાર્તાઓ કહીએ છીએ.... વીર શિવાજી, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી અને દુર્ગાવતીનાં યશોગાન કરીએ છીએ... સ્વામી વિવેકાનંદ જેવા ધર્મયોદ્ધાની જન્મશતાબ્દીઓ ઉજવીએ છીએ... પ્રસંગોપાત્ત, વારે-તહેવારે જગદીશચંદ્ર બોઝ, રામાનુજન્, સી.વી. રામન કે વિશ્વેશ્વરૈયા જેવા વિજ્ઞાનીઓનું સ્મરણ આપણા વિદ્યાર્થીઓને કરાવી દઈએ છીએ... પણ, આપણું પોતાનું બાળક એવી જ કોઈક વિભૂતિ બનીને જગતને અજવાળે એ દિશામાં તો આપણે કાંઈ કરતા નથી !

જીવનની યાંત્રિકતાનાં દર્શન થાય છે ! એક યુવક અને એક યુવતી પરણે, સંસારમાં પગલાં માંડે, યુવતી માતા બની જાય, યુવકને પિતા તરીકેનું પ્રમોશન મળી જાય, બાળક માંડ બે-સવા બે વર્ષનું થાય અને સારા પ્લેગ્રુપનું સંશોધન થાય, બાળકને હાઈ-ફાઈ સ્કૂલમાં અને ટ્યૂશનની આધુનિક જેલમાં ધકેલી દઈને પરિવારજનો મુક્તિનો શ્વાસ લે ! અને આમ, જીવનચક્ર ચાલતું જ રહે... કારકિર્દી અને ધનપ્રાપ્તિ સાથે શિક્ષણનો જેમ તેમ મેળ બેસાડવામાં આવે... આ બધાથી ઉપર ઊઠીને વિચારવું પડશે. આમેય જીવનની યાંત્રિક્તા અને ભોગવાદિતાના અભિશાપને આપણે વરદાન સમજીને તો આવકાર્યો જ છે... પણ, એથી આગળનો, તેજસ્વી ભાવિનો પથ નહીં દેખાય !

આ બધામાંથી ઉગરવાનો શ્રેષ્ઠ માર્ગ છે — દરેક પરિવારે શ્રેષ્ઠ સંતાનનું આવાહન કરવું અને રાષ્ટ્રને પુનઃ રત્નોની ભેટ આપવી.

આપણા આ સમાજની માતાઓને એમ કહેવાનું મન થાય છે કે હે ભારતીય નારી ! તમારી સંકલ્પ-શક્તિથી, સર્જનશક્તિથી અને ઋષિઓએ આપેલા ગર્ભવિજ્ઞાનના જ્ઞાનથી ગુણવાન, શીલવાન, શૂરવીર, બળવાન, ધૈર્યવાન, સ્વસ્થ, આનંદી, તેજસ્વી અને બુદ્ધિમાન સંતાનોથી આ ધરતી ભરી દો... ઈશ્વર આજે પણ અવતરી શકે છે, જો માતાપિતામાં દામ્પત્યજીવનના શુભારંભથી જ ભક્તિભાવ, શ્રદ્ધાભાવ અને દિવ્ય આકાંક્ષા સહિત તપશ્ચર્યા, સંતાનોપાસના કરવાની તૈયારી હોય તો... ! છે કોઈ તૈયાર ? ઈશ્વરરૂપી પ્રભુતા અવતરવાની રાહ જુએ છે... !

આપણા પરિવારોએ એ જાણવા, સમજવાની જરૂર છે કે પરિવારની કોઈ પણ સ્ત્રી... પુત્રવધૂ કે પુત્રી માતા બનવાના સંકેત આપે તો એ મહામૂલો સમાજોત્સવ છે. કોઈ મહાન આત્માને પરિવારના અંશ તરીકે આવકારવાની એ મહાન ક્ષણ છે. આનંદ અને ઉત્સાહથી એનું સ્વાગત કરો. જે માતાના ઉદરમાં જીવ પ્રવેશ્યો છે... મહાન આત્માનું આગમન થયું છે તે માતા હવે ઈશ્વરી ચૈતન્યનો હિસ્સો બની ગઈ છે. હવે એ માતાનું ગર્ભાશય એ શરીરનું કેવળ એક અંગ નહીં, પણ મહાન પાઠશાળા છે... વિદ્યાપીઠ છે ! એમાં નવ મહિના સુધી ગર્ભનું શિક્ષણ થવાનું છે. ગર્ભસ્થ શિશુ માટે ગર્ભાશયનું ગર્ભજળ એ અમૃતનો મહાસાગર છે. એ ગર્ભની અંદર ભલે હોય, એ સમગ્ર બ્રહ્માંડ સાથેનું તાદાત્મ્ય અનુભવે છે. માતાના શરીરના કરોડો કોષ એ એના કાન છે. એનાથી બાહ્ય જગતને એ સાંભળે છે, માણે છે અને સમજે છે. એ બહુ સમજવા જેવી વાત છે કે જન્મ પછી તો બાળક બે કાનથી જ સાંભળે છે, પણ ગર્ભમાં હોય ત્યારે માતાના કરોડો કોષરૂપી કરોડો કાનથી એ સાંભળે છે અને જ્ઞાન ગ્રહણ કરે છે.

ગર્ભસ્થ શિશુની શ્રવણેન્દ્રિયના આ ચમત્કારથી, માતાના માધ્યમથી એ એના જીવનનું કુલ ૮૦% જ્ઞાન ઉદરરૂપી પાઠશાળામાં જ મેળવી લે છે. આટલું જ રહસ્ય જો આપણી માતાઓ સમજે તો આ ધરતી વિભૂતિઓથી ઊભરાઈ જાય.

આમ, એ સ્થાપિત થાય છે કે માતા એ બાળકની પ્રથમ અને મહાન વિદ્યાપીઠ છે અને માતા જ એની પ્રથમ ગુરુ છે. તો, આ સંકલ્પનાના આધારે માતાએ જ શ્રેષ્ઠત્વની ઉપાસના કરવી જોઈએ અને અજન્મા બાળકની અંતર્યાત્રાને સુખદ અને જ્ઞાનવર્ધક બનાવવી જોઈએ. માતા જે બોલે છે તે બધું બાળક સાંભળે છે, માતા જે વિચારે છે તેનાં સ્પંદનો બાળક ઝીલે છે, માતા જે આચરણ કરે છે તેની સીધી અસર બાળક પર પડે છે.

આ ખૂબ મહત્ત્વનો અને સંવેદનશીલ સમયગાળો છે કે જેમાં પરિવારજનોએ અને માતાપિતાએ બહુ સાવધાન રહેવાની જરૂર છે. પરિવારનું વાતાવરણ એવું બનાવવું જોઈએ કે રાગ, દ્વેષ, કલેશ, કલહ અને ક્રોધ જેવાં અનિષ્ટો આઘાં રહે... માતાને કે બાળકને ન જ સ્પર્શે. એ સમયગાળામાં તો સ્નેહ, સમર્પણ, ત્યાગ અને સહિષ્ણુતા જેવા ગુણોનું આરાધન કરવું જોઈએ અને બાળકને એની અનુભૂતિ કરાવવી જોઈએ.

માતા ગર્ભસંવાદની પ્રક્રિયા દ્વારા બાળક સાથે Hotline ની જેમ જ્યારે ઈચ્છે ત્યારે સંપર્કમાં રહી શકે છે. બાળક સાથે વાતો કરનારી માતાઓના એવા ઘણા અનુભવો ધ્યાનમાં આવ્યા છે કે જે આ વિજ્ઞાનને સિદ્ધ અને સાકાર કરે છે.

એક પશ્ચિમી ચિંતકે કહ્યું છે, "Every Child born into this world is a new thougut of God, an ever fresh and radiant possibility." અને માટે, બાળકના રૂપમાં ભગવાનનું, પરમાત્માનું, દિવ્ય આત્માનું આવાહન કરવું જ ઈષ્ટ છે. નર અને નારી ઉચ્ચ ભાવે, સાત્ત્વિક વિચારે અને યોગ્ય સમયે મળે તો એમનું મિલન દિવ્ય આત્માને જન્મ આપવા સમર્થ બને. બાળક એ કોઈ વાસનાનો પરિપાક તો ન જ હોઈ શકે... એ તો છે બે આત્માનું ઐક્ય... આત્મૈક્યનું પ્રતીક... અદ્વૈત ! અનન્ય !

બાળક ઈચ્છતાં દંપતીએ ગર્ભસંસ્કાર અને ચિત્તશુદ્ધિ કરવાં જોઈએ. એક મહાનુભાવે એક વિશિષ્ટ વાત કહી છે —

Pregnancy should be by choice and not by chance,
it should be by appointment and not by accident.

અભાનપણે સ્ત્રી ગર્ભ ધારણ કરી લે તેના કરતાં સભાનપણે, યોજનાપૂર્વક, વિચાર અને સંકલ્પના બળ વડે કોઈ આદર્શને મૂર્તિમંત કરી શકે તેવા પાત્રના સર્જન માટે ગર્ભધારણ પ્રક્રિયા થવી એ સમસ્ત મનુષ્યજાતિના હિતમાં છે.

બાવળના વાવેતર દ્વારા કંઈ કેરીનું ફળ મળતું નથી ! પોતાની કૂખમાં ગર્ભ ધારણ કરી રહેલી, માતૃત્વની મહાન પદવીના પ્રાંગણમાં ઊભેલી ધન્ય નારીને જો એ વાતની ખાતરી હોય કે મારી કૂખમાં પાંગરી રહેલો આત્મા એ કોઈ સામાન્ય જીવ નથી, અસાધારણ છે; તે ભોગભ્રષ્ટ નહીં, યોગભ્રષ્ટ દિવ્ય આત્મા જ છે; તે તુચ્છ કક્ષાનો માનવી નહીં, કોઈ ભૂલો પડેલો અવધૂત છે... તો, માતાના આવા સંમોહનયુક્ત ચિંતનના પરિપાકરૂપે જ જન્મે કોઈ હેમચંદ્રાચાર્ય, કોઈ ભામાશાહ, કોઈ જગડુશાહ, કોઈ વિક્રમ, કોઈ વિવેકાનંદ, કોઈ શિવાજી, કોઈ લક્ષ્મીબાઈ કે કોઈ દુર્ગાવતી !

માતાની કુક્ષિ તો એક અદ્ભુત રત્નશાલા છે, જેમાં ધરતીનું એક ઉત્તમ અને અણમોલ આભૂષણ ઘડાઈ રહ્યું છે. જેમ કોઈ શિલ્પી નિર્જીવ પથ્થરમાં પ્રાણ પૂરે અને કુંભકાર પોતાની કલાથી માટીના પિંડને આકાર આપે તેમ માતા પણ પોતાના સંસ્કારમય અભીષ્ટ ચિંતનથી શ્રેષ્ઠ માનવરત્ન સમાજના ચરણે ધરી શકે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે, ''પતિ-પત્નીની સૌથી મહાન પ્રાર્થના તો આ જગતમાં પ્રચંડ શક્તિથી સભર આભાનું અવતરણ કરવા માટેની જ હોઈ શકે !''

આચાર્ય રજનીશે કહ્યું છે, ''એક દંપતી જ્યારે ઈશ્વરને ઉત્તમ સંતાન માટે પ્રાર્થના કરે છે ત્યારે તેનાં આંદોલનો વાતાવરણમાં ઉપર વિસ્તરે છે અને શ્રેષ્ઠ આત્માઓને તેનાથી સંકેત મળે છે. પતિ-પત્નીની આ ઈચ્છાશક્તિ તેને આકર્ષે છે અને તે અવતરણ માટે પ્રેરિત થાય છે.''

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જીવનને થોડું થોડું હરિયાળું બનાવવા પુરૂષાર્થ કરો

## ૨૧મી સદીમાં જીવવાની ચાવી : આજના માનવીએ જેવો છે તેવા જ દેખાવું જોઇએ, માત્ર પોતાના જ સુખની પસંદગી કરવી નહીં

### વિચાર યાત્રા

- ડો. જય ઓઝા

ઇંગ્લિશ કવિ રોબર્ટ ફ્રોસ્ટે એક સૌને સમજાય તેવું કાવ્ય ૧૦૦ વર્ષ પહેલાં લખેલું. તેનું મથાળું હતું "ધ રોડ નોટ ટેકન" તેનો ભાવાર્થ હતો કે બે રસ્તાઓ મને જીવનના બે પીળા લાકડાવાળા - જંગલમાં લઇ જતા હતા. હું કાંઇ બંને ટ્રાવેલ ન કરી શકું. મેં એવો રસ્તો પસંદ કર્યો ત્યાં બહુ ઓછા લોકોનાં પગલાં હતાં. મેં ઓછા પગલાવાળો રસ્તો પસંદ કર્યો. ભલે તે ઝાડ-ઝાખરા અને પથ્થરવાળો હતો, પણ હું તો તેની હરિયાળી જ જોતો હતો. આમ ઓછા લોકોએ લીધેલો જીવનનો પંથ કાંટાળો હોય છે પણ મઝેદાર હોય છે. અકસ્માતે હરિયાળી નીકળી પડે છે. કવિ હેન્રી બીચર વોર્ડએ સરસ કાવ્ય લખેલું. પૂર્ણ હરિયાળું જીવન તો કોઇને મળતું નથી. "જયારે કોઇ માણસ કહે છે કે હું 'પરફેક્ટ જીવન' જીવું છું ત્યારે મને જરૂર કહેશો કે તેને માટે આ દુનિયામાં જગ્યા ન હોળી જોઇએ. કાં તો સ્વર્ગમાં હોય કે કોઇ પાગલખાનામાં (૧૮૮૭) આવું બધું સાહિત્ય હું શોધતો હતો ત્યારે જ મને અતિ જૂના લેટિન સાહિત્યમાંથી કવિ મેક્સ એહરમેનની એક અદભુત કવિતા હાથ લાગી."

કોઇ કવિતાને પોતાની મેળે 'અદ્ભુત' કહેવી તે જોકે 'ગુનો' છે છતાં હું ખોટો હોઉ તો કાન પકડજો. તે કવિતાનું નામ હતું. 'ડેસીડરાટા' એ લેટિન શબ્દ છે. ડેસીડરાટા એટલે મનવાંછિત ચીજ મળવી. લોકો હજી સુધી માનતા નથી કે પૃથ્વીના માનવીને બધી જ ડિઝાયર્ડ થિંગ્ઝ મળી જ જાય છે. કંઇક અધૂરપ રહે તે સારું પણ છે. આજે જાણે ગમશુદા (ગમગીનીવાળા) કાવ્યોનો મૂડ છે એટલી હદે કે ઇંગ્લિશ સાહિત્યમાં એટલે લેટીન સાહિત્યમાં કાવ્યો ઉપાડવાનો મોહ છે. કોઇને પિયુ પરદેશ જાય ત્યારે કેવું કાવ્ય સ્ફૂરે છે? આપણું હિન્દી કાવ્ય નીચે પ્રમાણે છે. ઉન્હોંને દેખા ઔર આંસુ ગીર પડે, ભરી બસંત મેં જૈસે ફૂલ બીખર પડે, દુ:ખ વો નહીં કી ઉન્હોંને હમેં અલવિદા કહા, દુ:ખ તો યેહ હૈ કી વોહ ખુધ ભી રો પડે ભાગ્યે જ કોઇ સાહિત્યકારની નજર કવિ મેક્સ એહરમને જે પુરૂષાર્થ કરીને એક લેટીન કવિતા કાવ્યનો ભાવાનુવાદ કર્યો છે. તેના ઉપર કોઇની નજર ગઇ છે.

તેનું મથાળું છે 'ડેસીડરાટા' અર્થાત્ માનવીના જીવનમાં શું બધું જ ઇચ્છિત પળ મળી જાય છે? શું તમારી જિંદગી તમે કલ્પો કે ઓળખો તેવી જ શું ગુંથાઇ જાય છે? અસંભવ કે અશક્ય તો ખરું જ તેથી જ 'ડેસીડરાટા'ના કાવ્યમાં મનવીને ૨૧મી સદી અને આગળ જીવવા માટેના જીવનની માર્ગરેખા આપી છે. ઘણાને એ પસંદ નહીં પણે પણ આખરે આપણે એ માર્ગ અપનાવવો જ પડે છે. વાંચો 'આખી દુનિયા ઘોંઘાટ અને ઉતાવળમાં ભાગી રહી છે. પણ તમને ખ્યાલ છે કે શાંતિમાં કેટલો આનંદ છે... ધીરજમાં કેવો ગુણ છે બની શકે ત્યાં સુધી કોઇને તાબે થયા વગર બધા સાથે ગુડ ટમ્ર્સમાં રહો, તમારું સત્ય હિંમતપૂર્વક ઉચ્ચારો. પણ શાંતિથી ઊચ્ચારો, કલીઅરલી બોલો, જે અજ્ઞાની હોય તેને પણ પાડો. કારણ કે જે આપણે જેને 'અજ્ઞાન' કહીએ છીએ તે અબુધની પણ પોતાની સ્ટોરી હોય છે. તે સાંભળવા જેવી હોય છે..'

'એક ચેતવણી છે કે એગ્રસિવ - આક્રમક હોય તેવા લોકોથી દૂર રહો. તે તમને ખોટા ભડકાવશે. તેવા લોકોને 'વેકસેશિયસ' કહે છે તે લોકો કોઇ પણ વાતમાં ખીજાય છે, ક્રોધી થઇ જાય જતાં હોય છે તે વાતવાતમાં કલેશ પેદા કરે છે. સંતાપી હોય છે તમારી પાસેથી જાય એટલે કલેશ પેદા કરી તમને તંગ કરે છે. ચારેકોર સંતાપ ફેલાઇ જાય છે. આવાથી બની શકે ત્યાં સુધી દૂર રહો', 'હા, એક ધ્યાન રાખો. તમારી જાતને બીજા સાથે કંપેર ન કરો. સરખામણી ન કરો. આ દુનિયામાં ઇશ્વરે એવી જ રચના કરી છે જયાં તમારાથી નાનો અને તમારાથી મોટો કે ડાહ્યો માણસ તો હોય જ. તમે માત્ર તમારી કારકિર્દીમાં કે તમારા બઢાવામાં મસ્ત કરો. ભલે તમને એમ લાગે કે તમે થોડાક ઢીલા છો પણ જયારે તમારો સમય પલટો લે ત્યારે એવો સ્વભાવ કામ લાગે છે.'

'બિઝનેસ કે ધંધાની વાત કરીએ તો તમે જાણો છો કે ઠેર ઠેર ટ્રીકરી છે. પણ તેથી આપણે પણ કાંઇ લુચ્ચાં બનવાનુ નથી. હાં, કાંઇ આપણે મોટા હીરો બનવાનું નથી. પણ લુચ્ચાં તો ખાસ નહીં... એક સૌથી મોટી વાત સૌ ચૂકી જાય છે કે 'યુ આર એ ચાઇલ્ડ ઓફ ધ વાસ્ટ યુનિવર્સ' તમે, વૃક્ષ, ચંદ્ર, તારા બધા જ સરખા છો. ભલે આ જગત તમારી સામે જુદી રીતે ખીલ્યું હોય. તમે તો માનવ બન્યા છો. 'બી એટ પીસ વિથ ગોડ એટલે કે તમારી જાતને શાંતિમાં રાખો. કારણ કે ઇશ્વર બીજે કયાંક બહાર નથી. તમારી અંદર છે.' છેલ્લા અંતિમ વાક્યો અંગ્રેજીમાં જ વાંચો. 'ભલે આ દુનિયામાં સપનાં તૂટી પડે... વિથ ઓલ ધ બ્રોકન એન્ડ ડ્રજરી ઇન ધ વર્લ્ડ, ઇઠ ઇઝ સ્ટીલ એ વેરી વેરી બ્યુટીફુલ વર્લ્ડ બી ચીયર ફૂલ, સ્ટ્રાઇવ ટુ હી હેપ્પી, સુખી બનવું તે તમારી ફરજ છે. એ હકીકત છે કે દુનિયામાં બહુ ઢસરડા છે.'

ઘણાં સપનાઓ તૂટે છે... એમ છતાંય આ દુનિયા અતિસુંદર છે. ખુશમિજાજ રહો. ફરીથી અંગ્રેજી વાક્ય લખું છું. સ્ટ્રાઇવ ટુ બી હેપ્પી. અને સુખી અને આનંદી રહેવું તે તમારી ફરજ છે. ઇશ્વર ખાતર ડેસીડરાટા કાવ્યનો કવિ મેક્સ એહરમેન છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# માનવીની સંવેદનાઓને વ્યકત કરતી રમેશ પટેલની ગઝલોને રસાસ્વાદ

### ચેતનાનો સમય

પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

ગઝલકારો મોટા ભાગે તેની ગઝલોનું આજના સમાજનું ચિત્ર રજૂ કરતાં હોય છે. આજના માનવીની લાક્ષણિક્તાઓ વ્યક્ત કરતાં હોય છે. રમેશ પટેલે તેની ગઝલોમાં માનવીની સંવેદનાને વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમની વિવિધ ગઝલોમાં કાંઇક સંદેશો છે. વ્યથા છે. લાગણીના સૂર છે. સંવેદનાના સૂર છે.

પ્રથમ ગઝલમાં કહે છે કે

'રસ્તા વચ્ચે અટવાયો છે
માણસ આજે રઘવાયો છે'

આજનો યુગ ફાસ્ટ યુગ થઇ ગયો છે. આજે નરેન્દ્ર મોદી વડાપ્રધાનપદે બીરાજ્યા એટલે તેણે ઝડપી ટ્રેનો લાવવાની વાત કરી છે. આજે ઝડપનું મહત્ત્વ છે. આજના માનવીને ઝટપટ સફળતાની સિદ્ધિઓ હાંસલ કરવી છે. માનવીની જરૂરિયાતો વધી છે. મોંઘવારી વધી છે. જિંદગી સંઘર્ષમય બની ગઇ છે. સફળતા અને સિદ્ધિઓના માર્ગ અટપટા છે. અનેક અવરોધો છે અનેક સમસ્યાઓને પાર કરવાની છે. આ બધામાં જ આજે માનવી અટવાયો છે. રઘવાયો થયો છે કયાં જવું? કયો માર્ગ અપાવવા? શું કરવું? કઇ રીતે કરવું? કયા સાધનોનો ઉપયોગ કરવો કે ના કરવો, કોની મદદ લેવી કે ના લેવી આ બધામાં આજે માનવી અટવાયો છે. રઘવાયો બન્યો છે. ગઝલકારનો સંદેશો છે કે આપણે આપણા ધ્યેયને આપણા લક્ષ્યને વળગી રહેવાનું છે. યોગ્ય માર્ગ અપનાવવાનો છે. માર્ગો ભલે અટપટા રહ્યા પણ માનવીએ રઘવાયા થયા વગર અટપટા માર્ગોમાં અટવાયા વગર આગળ વધવાનું છે. ઉતાવળા સો બહાવરા ધીરા સો ગંભીર. માણસમાં નિર્ણાયક્તા હોવી જોઇએ નિર્ણયો લેવામાં આજે ઝડપનું મહત્ત્વ છે. તેમાં વિલંબ કરવો પોસાય તેમ નથી. નિર્ણયો લેવામાં અટવાઇ જવાનું નથી. નિર્ણયો લેવામાં રઘવાયા બનીને અવળો નિર્ણય લેવાઇના જાય તેનું ધ્યાન રાખવાનું છે. બીજી એક ગઝલમાં રમેશ પટેલે સરસ વાત કરી છે.

'કરવત જેવી વાણીથી -
મન મારું વહેરાયું છે
સર્જન કરવું વિકટ છે
મન મન આથી અટવાયું છે'

કેટલાંક લોકોની વાણીમાં ભારોભાર કડવાશ હોય છે. કડવી વાણીથી કરવત જેવી વાણીથી એક માણસ બીજા માણસનું દિલ દુભાવી નાખે છે. કડવી વાણીથી એક માણસ બીજા માણસને ઉભેઉભો વેતરી નાખે છે. માણસ પ્રેમનો ભૂખ્યો છે. લાગણીનો ભૂખ્યો છે. તમારી વાણી પ્રેમસભર, લાગણીસભર હશે તો તમે સામા માણસનું મન-હૃદય જીતી શકશો. કોયલ જેવી મીઠી વાણી રાખો, કાગડા જેવી કર્કશ નહિં. આગળ ગઝલકાર કહે છે કે આજે માણસની સર્જનાત્મકતો મહત્ત્વ અપાય છે માણસમાં સર્જનશક્તિ હશે તો તે તેનાં લક્ષમાં સફળ થશે. છતાં વ્યવહારમાં સર્જન કરવામાં અનેક વિઘ્નો આવે છે અનેક તકલીફો સામે આવે છે અનેક સંઘર્ષો પાર કરવાં પડે છે. સર્જન કરવું સહેલું નથી. સહનશીલતા કેળવી આત્મ સંયમ કેળવી આત્મવિશ્વાસ ટકાવી રાખીને પણ તમારે જે કાંઇ સર્જન કરવાનું છે. તેમાંથી પાછી પાની કર્યા વગર આગળ વધવાનું છે. સર્જન કરવામાં આડે આવતાં વિઘ્નો, તકલીફોમાં મનને આડે આવતાં વિઘ્નો, તકલીફોમાં મનને અટવાયા દીધા વગર મનમાં મક્કમતા દાખવવાનો ગઝલકારોનો સંદેશો છે. બીજી એક ગઝલમાં ગઝલકાર રમેશ કહે છે કે -

'આપદા જેને પડે છે
એ જ તો આગળ વધે છે'

આગળની ગઝલ જેવો જ સંદેશો આ ગઝલમાં છે જે વ્યક્તિએ તેના ધ્યેય સિદ્ધ કરવા હવે, તેણે તમામ તકલીફો, અડચણો, સમસ્યાઓ, સંઘર્ષો વેઠવા પડશે. તેને પાર કરવા પડશે. ધ્યેયને વળગી રહેવું પડશે. તમારા નિર્ધારિત માર્ગને વળગી રહેવું પડશે. તો જ તમે આગળ વધી શકશો. શૂન્યમાંથી સર્જન કરી શકે છે. એક ચાની કિટલીવાળો આજે વડાપ્રદાનપદે પહોંચ્યો છે. જેણે અનેક તકલીફો વેઠી છે.

બીજી એક ગઝલમાં વાસ્તવિકતાને રજૂ કરે છે.

'બે હૃદય ભેગાં મળે
કયાંથી ખૂઠે અંગત વાત!'

આમ તો ગઝલકારે કદાચ બે પ્રેમીઓની વાત કરી જણાય છે. બે પ્રેમીપાત્રો જયારે ભેગાં મળે ત્યારે એકબીજાની વાત કરવા તલપાપડ થાય છે. એક વાત કરતું હોય ત્યાં તેની વાત સાંભળી કે ના સાંભળી બીજી પાત્ર પોતાની વાત માંડે છે. અને આમ એકબીજાની વાતો અથડાય છે. એકબીજાની વાતો કોઇ સાંભળતું નથી પણ હા એક બીજાના હૃદય એકબીજાની વાત એકબીજાનો પ્રેમ સાંભળે છે સમજે છે આજકાલ તો મોબાઇલ યુગ આવ્યો છે. બે પ્રેમીપાત્રો એકબીજા સાથે મોબાઇલ દ્વારા વાત કરવા માટે કોઇક એકાંતનો ખૂણો શોધે છે. વાત ખૂટતી જ નથી. વાત નો અંત આવતો નથી. આવું જ કાંઇક બે મિત્રો મળે. બે સ્વજનો મળે - રૂબરૂમાં કે મોબાઇલથી તેઓની અંગત વાતો ખૂટતી જ નથી. તું કેમ છો? તારી તબિયત કેમ છે? તારા સંસાર કેમ ચાલે છે. તું સુખી છો કે કેમ? આવી કાંઇક લાંબીલચ્ચ વાતોમાં એક પ્રકારનો બે મિત્રો વચ્ચેનો પ્રેમ અને લાગણી વ્યક્ત કરે છે. લગ્ન થયાં પહેલાં વેવિશાળનો સંબંધ થયો હોય ત્યારે બે પાત્રો મોબાઇલથી એકબીજા સાથે વાતો કરવામાં ખોવાઇ જાય છે.

બીજી એક ગઝલમાં ગઝલકાર કહે છે કે -

'ધીમે ધીમે સૌ તને,
સંબંધીઓ ભૂલી જશે.'

જેનું મૃત્યુ થયું છે તેનું બેસણું થશે. બેસણામાં લોકો આવીને મૃત્યુ પામનારના ફોટા આગળ બે ફુલ પધરાવી પગે લાગી બેસી જશે. થોડીવારમાં સહુ ખંખેરીને ચાલતા થશે. બારમું તેરમું થઇ જશે. બારમા તેરમાંનું ભોજન જમતાં જમતાં મૃત્યુ પામનારને યાદ કરતાં કરતાં ભોજનની મજા માણનારા વધુ હોય છે. બધા વ્યવહારો પતી જશે. બધા સગાવહાલાં સહુ પોતપોતાના ધંધે લાગી જશે. ધીમે ધીમે પોતાના પણ ભૂલવા લાગશે એક ફોટો મઢાવીને દિવાલ ઉપર ટીંગાડીને સહુ નજીકના સગાવહાલાં ભૂલી જશે. સમય બળવાન છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)